ક્રમાંક: મા.વિ.૩/ફાયર સેફ્ટી /૨૦૧૯/ ૧૮૨૭૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા:૨૯/૦૫/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન- ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ તમામ
બનાસકાંઠા, પાલનપુર.

**વિષય:** શાળા સલામતી પોલીસી- ૨૦૧૬ અંતર્ગત ચકાસણી કરવા બાબત..

**સંદર્ભ:** (૧) કલેક્ટર સા.શ્રી.બ.કાં.. ના પત્ર ક્રમાંક : નં.ડીઝાસ્ટર/ફાયર સેફ્ટી/ તપાસ /વશી/
તા.૨૫/૦૫/૨૦૧૯
(૨) ગુજરાત મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: મઉમશબ/ ૨૦૧૯/૬
તા:૨૭/૦૫/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તાજેતરમાં સુરત જિલ્લાના સરથાણા વિસ્તારમાં બનેલ આગની આકસ્મિક ઘટના બાદ રાજ્યની તમામ બહુમાળી ખાનગી તેમજ સરકારી ઈમારતો અને ખાસ કરીને ખાનગી ટ્યુશનમાં ફાયર સેફ્ટીની સુવિધા છે કે કેમ? તે અંગેની ચકાસણી કરવા રાજ્ય સરકાર દ્વારા સુચના આપવામાં આવેલ છે.

જે અન્વયે બનાસકાંઠા જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓની ચકાસણી કરવાની થાય છે. તે સંદર્ભે આપની શાળામાં ફાયર સેફ્ટીના સાધનો પર્યાપ્ત માત્રામાં હોય અને અપડેટ (રીફીલ) કરાવેલ હોય એ સુનિશ્ચિત કરવાનું થાય છે. તો તમામ શાળાઓ એ શાળા ગ્રાન્ટ કે સ્વભંડોળમાંથી ફાયરસેફ્ટીના સાધનો વસાવી લે અને રીફીલીગ કરાવી લે એ બાબતની આથી જાણ કરવામાં આવે છે.

આપની શાળામાં ફાયર સેફ્ટી સંદર્ભે ચકાસણી કરી આપેલ નિયતપત્રકમાં દિન-૦૭માં SVS માં જમા કરાવવાનું રહેશે. જે સંસ્થાઓ પાસે ફાયરસેફ્ટીની સુવિધા નથી તેમણે તાત્કાલિક ધોરણે સુવિધા ઉપલબ્ધ કરી પછી પ્રમાણપત્ર આપવાનું રાખવુ. જે સંસ્થાઓ ફાયરસેફ્ટીની સુવિધા બાબતે બેદરકારી રાખશે અને ભવિષ્યમાં કોઈ અઘટિત ઘટના બનશે તો તેની તમામ જવાબદારી સંસ્થાના આચાર્યની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

નકલ રવાના: લાયઝન અધિકારીશ્રી, તમામ .

Scanned by CamScanner

# ચેકલિસ્ટ

**શાળાનું નામ:**

| ક્રમ | વિગત | હા / ના | રીમાર્ક્સ |
| --- | --- | --- | --- |
| ૧ | ફાયરસેફ્ટીની વ્યવસ્થા છે કે કેમ? | | |
| ૨ | સંબધિત સત્તાધિકારીનું પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ ? | | |
| ૩ | ફાયરસેફ્ટીના સાધનો ચાલુ હાલતમાં છે? | | |
| ૪ | તેનો ઉપયોગ કરવા માટે તાલીમ લીધેલ છે | | |
| ૫ | તાલીમ લીધેલ નોડલ કર્મચારીનું | નામ.____________________<br>મો. ____________________ | |
| ૬ | શાળામાં કુલ કેટલા ફાયરસેફ્ટીના સીલીન્ડર છે? | | |
| ૭ | રીફીલીંગ કરાવ્યાની ૧.તા.__________<br>૨.તા.__________<br>૩.તા.__________<br>૪.તા.__________<br>૫.તા.__________ | | |

**નોધ:** જે સંસ્થાઓ પાસે ફાયરસેફ્ટીની સુવિધા નથી તેઓએ તાત્કાલિક સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

**આચાર્યશ્રી નું નામ, સહી, સિક્કો**

Scanned by CamScanner

ખાસ અગત્યનું

ક્રમાંક:મઉમશબ/૨૦૧૯/ ૬ / -શાનિ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૭ -૫ - ૨૦૧૯

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ, ગુજરાત રાજય.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત નોન ગ્રાન્ટેડ બિનસરકારી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા અંગે ખાતરી કરવા બાબત.

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે તાજેતરમાં સુરત ખાતે તક્ષશીલા બિલ્ડીંગમાં કોચીંગ કલાસમાં થયેલ આગની ઘટના અને તેનાથી થયેલ બાળકોના દુ:ખદ અપમૃત્યુ બાબતથી આપ જાણકાર છોજ.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયમાં બિન અનુદાનિત બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માન્યતા આપવાની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરીમાં નામદાર સુપ્રિમ કોર્ટના આદેશો અનુસાર ફાયર સેફ્ટી અંગે જરૂરી પ્રમાણપત્રો સંબંધિત સત્તાધિકારી દ્વારા મેળવેલ હોય, તે પ્રમાણપત્ર સહિતના દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ આપના અહેવાલના આધાર કાયમી નોંધણી કરવામાં આવે છે.

આપના દ્વારા, નજીકના ભૂતકાળમાં આપેલ સૂચનાઓના અનુસંધાનમાં આપના જિલ્લામાં આવેલ તમામ શાળાઓની માહિતી એકત્ર કરી રહ્યા છો ત્યારે આપના જિલ્લામાં આવેલ બોર્ડની માન્યતા પ્રાપ્ત બિન સરકારી બિન અનુદાનિત શાળાઓમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા છે કે કેમ ? સંબંધિત સક્ષમ સત્તાધિકારીનું દ્વારા પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ ? ફાયર સેફ્ટીના સાધનો ચાલુ હાલતમાં છે કે કેમ ? તેનો ઉપયોગ કરવા માટે તાલીમ લીધેલ છે કે કેમ ? વગેરે બાબતોની દિન-૧૫ માં ચકાસણી કરીને અત્રેની કચેરીને તેનો અહેવાલ મોકલી આપવા જણાવવામાં આવે છે.

Scanned by CamScanner

આપના દ્વારા થયેલ સર્વેમાં કોઈ શાળાઓનું જે સ્થળ વિદ્યાર્થીઓ માટે હાનિકારક હોય તેવા સ્થળોને અલગથી ઓળખ કરીને તેની જાણ કરવા અને સંબંધિત જિલ્લા કલેકટરશ્રીને તેમજ સત્તા મંડળ (મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, ગ્રામ પંચાયત)ને કરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. આ બાબતને પુરી ગંભીરતાથી ધ્યાને લઇને કાર્યવાહી કરશો તેવી અપેક્ષા છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

Scanned by CamScanner